ગુજરાત રાજ્યની બિન સરકારી માધ્યમિક
અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મકાન
ભાડા, ઈતર ખર્ચના વિકલ્પે ફી લેવા માટે
વિકલ્પ આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૯૯-૭૪૧-(६)-ગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૭-૮-૯૯

---

સંદર્ભ: શિક્ષણ વિભાગના તા. ૨-૭-૯૯ના ઠરાવ ક્રમાંક:બમશ-૧૧૯૯-૭૪૧(૪)ગ

**ઠ રા વ**

શિક્ષણ વિભાગના ઉપર સંદર્ભમાં જણાવેલ ઠરાવ અન્વયે રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મકાન ભાડા તથા ઈતર ખર્ચની ગ્રાન્ટના વિકલ્પે વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવાની છૂટ આપવામાં આવેલ છે. આ અંગે જાણવા મળ્યા પ્રમાણે શાળા સંચાલકો આ જોગવાઈઓનો મનસ્વી રીતે ઉપયોગ કરે છે અને આ બાબતમાં જિલ્લા શિક્ષણાધિકારીની મંજૂરી લીધા સિવાય વિદ્યાર્થીઓ પાસેથી ફી ઉઘરાવવામાં આવે છે એટલે આ બાબતમાં નીચે મુજબની સૂચનાઓ બહાર પાડવાનુ સરકારશ્રીએ ઠરાવેલ છે.

વિભાગના તા. ૨-૭-૯૯ના ઠરાવના ફકરા -૨ માં જણાવયા પ્રમાણે મકાન ભાડું અને ઈતર ખર્ચના વિકલ્પે ફી ઉઘરાવવા માટેનો વિકલ્પ ત્રણ મહિનામાં જિલ્લા શિક્ષણાધિકારીને આપવાનો રહેશે અને આવો વિકલ્પ આપ્યા બાદ તેને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મળે ત્યાર બાદ જ વિદ્યાર્થીઓ પાસેથી ફી લઇ શકશે. તે સિવાય શાળા સંચાલકો આપ મેળે વિકલ્પ સ્વિકારાયો છે તેમ માની વિદ્યાર્થીઓ પાસેથી ફી લઇ શકશે નહીં. આ બાબત સબંધિત શાળા સંચાલકોના ધ્યાન ઉપર લાવવાની જવાબદારી કમિશ્નરશ્રી(સ્કુલ્સ)ની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી.કે.ભટ્ટ,
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

પાછળ....

પ્રતિ,

૧. માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)

૨. માન. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા રોડ, અમદાવાદ (પત્રથી)

૩. માનનીય મુખ્યમંત્રીશ્રીનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૪. માનનીય મંત્રીશ્રી(પ્રા. અને મા.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૫. માનનીય રા.ક. મંત્રીશ્રી ( પ્રા. અને મા. શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર

૬. માનનીય રા. ક. મંત્રીશ્રી (ઉ.અને ટે. શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૭. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

૮. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર / વડોદરા

૯. કમિશ્નરશ્રી, (યુનિવર્સિટી અને કોલેજો) ગુજરાત રાજય, ગાંધીનગર

૧૦. કમિશ્નરશ્રી (સ્કુલ્સ) ગુજરાત રાજય, ગાંધીનગર

૧૧. બધા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ

૧૨. એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ-રાજકોટ

૧૩. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર-અમદાવાદ

૧૪. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર-અમદાવાદ

૧૫. નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૬. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ

૧૭. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ઉચ્ચ માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ

૧૮. સબંધિત સરકાર માન્ય સંઘો (કમિશ્નરશ્રી(સ્કુલ્સ) મારફત)

૧૯. ડી.એસ.ઓ. ફાઇલ

૨૦. સીલેકટ ફાઈલ-ગ શાખા